# બાળ સાહિત્યકાર ઉમિયાશંકર ઠાકર
# લિખિત
# કીર્તિ કથાઓ

*સંપાદક*

**જગદીશ ઉ. ઠાકર**

**પ્રકાશક**

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

*પુસ્તક પ્રકાશક અને વિક્રેતા*

*મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮૦૦૧*

**ઉમિયાશંકર ઠાકર લિખિત**

**કીર્તિ કથાઓ**

(C) *જયશ્રી જ. ઠાકર*

*પ્રથમ આવૃતિ : ૨૦૧૨*

*નકલ : ૧000*

*કિંમત રૂા.*

**આવરણ**

**સજાવટ**

**મુદ્રક**

**પ્રકાશક**

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

*પુસ્તક પ્રકાશક અને વિક્રેતા*

*મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮૦૦૧*

## લેખકનો પરિચય

જ. તા. ૨૭-૧-૧૯૪૧
કવિ, લેખક, લઘુકથાકાર,
સંપાદક

જગદીશ ઉ. ઠાકર (M.A.)

## સાહિત્ય સર્જન

**મૌલિક**

| | | |
|---|---|---|
| ૧. | ગંગતરંગ (કાવ્ય સંગ્રહ) | ૧૯૮૧ |
| ૨. | અધ્યાંજલિ (ભક્તિ કાવ્ય - ગીતો) | ૧૯૯૬ |
| ૩. | સ્નેહાંજલિ (લલિત નિબંધો) | ૧૯૯૯ |
| ૪. | મૌન (લઘુકથા સંગ્રહ) | ૨૦૦૫ |
| ૫. | કલ્પનામૂર્તિ (વાર્તા સંગ્રહ) | ૨૦૦૯ |
| ૬. | ચારિત્ર્ય મહિમા (નિબંધો) | ૨૦૧૧ |
| ૭. | લાગણીનાં વહેણ (લઘુકથા સંગ્રહ) | ૨૦૧૧ |

**સંપાદન**

| | | |
|---|---|---|
| ૧. | શ્રધ્ધાંજલિ (સ્વ.પૂ.પિતાશ્રીને) | ૧૯૯૧ |
| ૨. | પુષ્પાંજલિ (શ્લોકો, પ્રાર્થનાઓ) | ૧૯૯૪ |
| ૩. | શ્રેયસ્સાધક અધિકારી વર્ગ - સંસ્થા પરિચય | ૨૦૦૦ |
| ૪. | ગાયત્રી ગીત સાગર (ભજન-કીર્તનો) | ૨૦૦૪ |
| ૫. | સ્મરણાંજલિકા (નિત્યપાઠ) | ૨૦૦૫ |

**બાલ સાહિત્ય ગ્રંથાવલિ અંતર્ગત**

| | | |
|---|---|---|
| ૧. | મધનાં ટીપાં (કાવ્ય સંગ્રહ) | ૨૦૦૭ |
| ૨. | ઉડતાં ફુગ્ગા (કાવ્ય સંગ્રહ) | ૨૦૦૭ |
| ૩. | મોરનાં પીછાં (કાવ્ય સંગ્રહ) | ૨૦૦૭ |
| ૪. | વાદલડી સાથે વાત લડી (કાવ્ય સંગ્રહ) | ૨૦૦૭ |
| ૫. | ગરવાં ગીત (કાવ્ય સંગ્રહ) | ૨૦૦૭ |
| ૬. | રેડીઓ બાલ નાટિકાઓ | ૨૦૧૧ |
| ૭. | રેડીઓ બાલ વાર્તાલાપ | ૨૦૧૧ |
| ૮. | રેડીઓ બાલસંવાદ | ૨૦૧૧ |
| ૯. | દેવોની દુનિયા | ૨૦૧૧ |
| ૧૦. | શિષ્યોની ગૌરવવંતિ ગાથાઓ | ૨૦૧૨ |
| ૧૧. | બાલ વાર્તાઓ | ૨૦૧૨ |
| ૧૨. | કીર્તિ કથાઓ | ૨૦૧૨ |

## નિવેદન

ગુજરાતી બાલપ્રજા માટે ગુર્જર બાલગ્રંથાવલિ અંતર્ગત કીર્તિ કથાઓ પુસ્તક રજુ કરતાં આનંદ થાય છે. બાલ સાહિત્યના લગભગ સર્વ અંગોને સ્પર્શ કરે એવી વિસ્તૃત ગ્રંથાવલિનું સંપાદન કરી, પ્રકાશિત કરવાનો અનેરો અવસર પ્રાપ્ત થયો છે.

છ થી સોળ વર્ષની વયનાં આપણાં બાળકોની રસ-રુચી અને શક્તિનો વિચાર કરી એમને અનુકૂળ થઈ પડે એ રીતે આ ગ્રંથાવલિના પુસ્તકોની યોજના બનાવી છે. વાર્તા, કવિતા, સાહિત્ય ઈતિહાસ, સ્થળ વર્ણન, કલા, બાલ ઉખાણાં, ગુરુ-શિષ્ય, બાલ નાટિકાઓ વગેરે વિષયો પરત્વે બાળકો કંટાળ્યા સિવાય ગમ્મત સાથે જ્ઞાન મેળવી શકે.

ખેડા જિલ્લાના, આણંદ શહેરના જૂની પેઢીના વિખ્યાત બાલસાહિત્યકાર ઉમિયાશંકર ઠાકરના અગાઉ બાલકાવ્યો, રેડીઓ બાલ વાર્તાલાપ, બાલનાટિકાઓ, બાલ સંવાદ એમ લગભગ અગિયાર નાના પુસ્તકો પ્રકાશિત કર્યા છે. તેનો આનંદ તો છે જ સાથે પિતૃ તર્પણ તો ખરું જ.

અત્યાર સુધી પ્રગટ થયેલ બાલ સાહિત્યના પુસ્તકોને ગુર્જર બાલપ્રજા, લેખકો, સામયિકો તરફથી જે ઉમળકાભર્યો આવકાર મળ્યો છે તેવો ઉપરોક્ત પુસ્તકને મળશે તેવી આશા.

- **જગદીશ ઉ. ઠાકર**

૩૩, કૃષ્ણ હા. સોસાયટી
બાવીસગામ વિદ્યાલય પાછળ
વલ્લભ વિદ્યાનગર
પીન - ૩૮૮૧૨૦.
ફોન : (૦૨૬૯૨) ૨૩૪૮૩૩

## અનુક્રમણિકા

૧. શિવાજી અને યવન અબળા
૨. ખરેખરા મિત્રો
૩. ઉપકાર ન ભૂલ્યો
૪. પરોપકારની અવધિ
૫. અડગ બાળક
૬. ઉદાર સરદાર
૭. ગુરુ ભક્ત કચ
૮. ઉપમન્યુની કસોટી
૯. વેદ
૧૦. કૃષ્ણ-સુદામા
૧૧. એકલવ્ય
૧૨. લાકડાં વેચતા શિષ્યો

## ૧ : શિવાજી અને યવન અબળા

છત્રપતિ શિવાજી મહારાજે કલ્યાણ ઉપર ચઢાઈ કરી કિલ્લાને ચારે બાજુથી ઘેરી લીધો. યુદ્ધ કુશળ યોદ્ધાઓની સહાયથી શિવાજી મહારાજે કિલ્લો તાબે કર્યો.

કિલ્લામાં કેટલાંક મુસ્લિમ કુટુંબો હતાં. શિવાજી મહારાજના સૈન્યે તેમને કેદ કર્યા.

કલ્યાણના મુસ્લિમ સરદારને એક બહુ દેખા- વડી ને રૂપાળી પુત્રવધૂ હતી. તે પણ આ બધા ભેગી પકડાઈ.

શિવાજી મહરાજના સૈન્યમાંનો એક સેના નાયક જરા ખુશામતીયો હતો.એણે વિચાર્યું: “આ સરદારની રૂપાળી પુત્રવધૂની હું શિવાજી મહરાજને ભેટ ધરીશ. શિવાજી મહરાજ મારા ઉપર ખુશ થશે, અને મારો માન-મરતબો વધારશે !”

સેનાનાયક શિવાજી મહરાજ બેઠા હતા ત્યાં પેલા સરદારની છોકરીને લઈને ગયો. એણે શિવાજી મહરાજને એની ભેટ ધરી.

શિવાજી મહરાજે એ મુસ્લિમ બાળા તરફ પવિત્રપણે નજર નાખી, અને વહાલભર્યાં વચને એને બોલાવી. પછી એને સારી સંભાળ લેવાય તે માટે એમણે એને પોતાની માતા પાસે મોકલી

દીધી.

બીજે દિવસે શિવાજી મહરાજે સર્વ અમલદારોનો અને સૈનિકોનો મોટો દરબાર ભર્યો. યવન સ્ત્રીને દરબારમાં બોલાવી.

ઢળતાં નયને એ મુસ્લીમ યુવતીએ દરબારમાં પ્રવેશ કર્યો. એને જોતાં જ શિવાજી મહારાજ તેના માનમાં ઊભા થયા. પછી એમણે એને યોગ્ય આસને બેસાડી. આ જોતાં જ આખી સભા સ્તબ્ધ બની ગઈ.

પછી શિવાજી મહારાજ કહે : "આ બાઈ પરધર્મી હોવા છતાં મારી ધર્મની બહેન છે, મારી માતાએ મને પારણે ઝૂલાવતાં હાલરડાં ગાતી વખતે ગાયું હતું કેઃ 'રાવણ ઘણો સમર્થ રાજા હતો; પણ તેણે સીતાજી પ્રત્યે કુદ્રષ્ટિ કરી, તેથી તેનું સર્વસ્વ ખેદાન-મેદાન થઈ ગયું.' માતાનું એ વચન મારે મનનીય છે. આ બાઈના જેવું જ જો મારી માતાનું રૂપ હોત તો હું પણ તેના જેવો જ સ્વરૂપવાળો હોત."

શિવાજી મહારાજે પોતાની ધર્મની બહેનને સારી પહેરામણી કરી, અને તેને તેના કુટુંબીઓ પાસે માનઆબરૂભેર મોકલાવી દીધી.

શિવાજી મહારાજને ખુશ કરવા માટે આવું અપકૃત્ય કરનાર પેલો સેનાનાયક આખી સભાના ફીટકારને લીધે ઘણો શરમીંદો બની ગયો. એ બિચારો નીચેથી ઊંચે પણ જોઈ ન શક્યો.

આમ શિવાજી મહારાજ સ્ત્રીમાત્રમાં માતૃત્વનાં દર્શન કરનાર હતા. સ્ત્રીઓ તરફ એમની પૂજ્યબુદ્ધિ અજબ હતી. આથી એમની ઉજ્જ્વળ કીર્તિની સર્વ સ્થળે વાહ-વાહ થવા લાગી.



## ૨ : ખરેખરા મિત્રો

**પ**હેલાંના વખતની યુરોપ ખંડની આ વાત છે. સાયરેક્યુઝના રાજા ડાયોનીસિયસના સમયની.

રાજા ડાયોનીસિયસના દુર્ગુણોનો પાર ન હતો. એનાં વહેમ, નિર્દયતા, અને ક્રોધની અવધિજ હતી. કેટલાય નિર્દોષ મનુષ્યોને એણે કેદખાનામાં પૂર્યાં હતાં. એના મતથી જૂદો પડનાર એનો દુશ્મન ગણાતો. વળી જેના ઉપર એને વહેમ આવતો તેને એ મરણની શિક્ષા કરતો.

રાજા ડાયોનીસિયસને પિથિયાઝ નામના એક માણસ ઉપર વહેમ આવ્યો. દિવસે દિવસે તે વહેમમાં વધારો થયો. આથી છેવટે તેણે પિથયાઝને ફાંસીની સજા ફરમાવી.

પણ પિથિયાઝ કાંઈ મોતથી ડરે એવો ન હતો. એ રાજાને કહેઃ "રાજાજી આપની સજાને હું માથે ચડાવું છું , પણ મને થોડા દિવસની રજા આપો. દેશમાં જઈને મારી માલમિલ્કતની વ્યવસ્થા કરીને તરત હું પાછો આવીશ."

પણ રાજા કાંઈ એમ માને એમ ન હતા. એનો વહેમ અજબ હતો. એ કહેઃ " પિથિયાઝ વાત તો ખરી છે. પણ હું કાંઈ એવો

ભોળો નથી, કે તને એમ ને એમ જવા દઉં. હા, તારા પાછા આવતા સુધી અહીં કોઈ તારા જામીન તરીકે રહે, અને નક્કી કરેલા વખત સુધીમાં તું ન આવે તો ફાંસીને માંચડે લટકવાનું તે કબૂલ કરે તો તને જવાની રજા આપું ."

પિથિયાઝને એક જીગરજાન ભાઈબંધ હતો. મિત્રને માટે એ પ્રાણની પણ પરવા કરે એવો ન હતો. એનું નામ ડેમન હતું. ખરેજ એ ભાઈબંધના નામને દીપાવે એવો સાચો ભાઈબંધ હતો.

રાજા પાસે જઈને એ પિથિયાઝનો જામીન થયો. વળી ઠરાવેલા વખતમાં પિથિયાઝ પાછો ન ફરે તો પોતે ફાંસીએ ચઢવાની પણ ખાતરી આપી.

મિત્રને માટે ડેમન કેદખાનામાં રહ્યો. વ્યવસ્થાને માટે પિથિયાઝ દેશ તરફ ગયો. આખા નગરમાં બન્ને મિત્રોની સાચી ભાઈબંધીની વાતો થવા લાગી.

દિવસો ઉપર દિવસો વીત્યા. ફાસી દેવાનો દિવસ નજીક ને નજીક આવવા લાગ્યો; પણ હજુ કાંઈ પિથિયાઝ દેખાતો ન હતો.

રાજનગરમાં વાત ચર્ચાવા લાગી. કોઈ કહે: "એ પિથિયાઝ તો હવે પાછો આવવાનોજ નહિ, ને બિચારો ડેમન કમોતે મરશે."

કોઈ કહે, "ના, ના, એવું શું બોલો છો ? એ પિથિયાઝ કાંઈ એવો નથી. કાંઈક રોકાઈ ગયો હશે; બાકી એ આવ્યા વિના ન રહે."

કોઈ કહે, "જોયું ? પિથિયાઝભાઈ નાઠા, ને ડેમનભાઈ સપડાયા. હાથે કરીને એ કૂવામાં પડયો."



છેવટે ફાંસીએ ચઢાવવાનો દિવસ આવ્યો. રાજાએ હુકમ કાઢયો કે: "આજે સાંજના છ વાગ્યા સુધીમાં પિથિયાઝન આવે તો ડેમનને ફાંસી દેવી."

બપોર થયા પણ પિથિયાઝ ન દેખાયો

બે વાગ્યા પણ પિથીયાઝ ન આવ્યો. ત્રણ ને ચાર, ને પાંચ પણ થયા, પણ પિથિયાઝ ન આવ્યો !

રાજનગરની ભાગોળે ફાંસીનો માંચડો રાખ્યો છે. ઉપર દોરી લટકે છે,ને એક બાજુ ડેમન બેઠો છે. રાજ્યના અમલદારો ય એ ચારે બાજુ કેટલાં ય માણસોની મેદની ફાંસી જોવાને જામી છે.

સૌનાં મુખ ચિંતાતુર છે. કેટલાક આંગળીઓ કરીકરીને ડેમનને બતાવે છે. કેટલાકની આંખમાંથી આસું વહે છે. કેટલાક ગળગળા થઈ ગયા છે. બધાય ડેમન તરફ કરુણાભરી નજરે જોઈ રહ્યો છે. સૌને મન નિશ્ચય થઈ ગયો છે. બધાય ડેમન તરફ કરુણાભરી નજરે જોઈ રહ્યા છે. સૌને મન નિશ્ચય થઈ ગયો છે કે હવે પિથિયાઝ નહિ આવે.

પણ ડેમન હસતે મુખડે બેઠો છે. ભય અને ચિંતાને એણે નસાડી મૂક્યાં છે. મિત્રને માટે પ્રાણનું બલિદાન આપવાના સમયની એ રાહ જોઈ રહ્યો છે.

છ થવા આવ્યા. ફાંસી દેવાની તૈયારીઓ થવા લાગી. હસતે મુખડે ડેમન ફાંસીના માંચડા ઉપર ચઢયો. સર્વ લોકોને એણે ભાવભર્યું નમન કર્યું. બધા લોકોને હવે ખરેખરી કંપારી છૂટવા લાગી.

પણ એ તો પેલી કહેવત છે કે, 'રામ રાખે તેને કોણ ચાખે ?' આખરે તો ધાર્યું ધરણીધરનું જ થાય છે.

જ્યાં ફાંસીઓ ડેમનના ગળામાં દોરી નાખવા જાય છે, ત્યાં તો દૂરથી ફાટયો અવાજ સંભળાયોઃ "સબૂર કરો, સ...બૂ...ર...!"

બધાંએ તે તરફ જોયું તો શ્વાસભર્યો પિથિયાઝ તીરની પેઠે દોડયો આવતો હતો. એના આખા શરીરે પરસેવાના રેલેરેલા ચાલુ થઈગયા હતા. લોકો એને જોતાં જ અચંબો પામ્યા.

ફાંસીનું કામ બંધ રહ્યું.

પિથિયાઝ ડેમનને અપૂર્વ હેતથી ભેટી પડયો. લાગણીમાં ને લાગણીમાં તે કાંઈ બોલી ન શક્યો. બધા લોકો મિત્રો તરફ અમીભરી નજરે જોઈ રહ્યો.

છેવટે પિથિયાઝે મિત્રને કહ્યું : "ભાઈ ડેમન, નદીમાં પૂર આવવાથી મને રસ્તામાં અડચણો નડી,ને તેથી આવવામાં મોડું થયું. મને માફ કરજે. હું તો પ્રભુ પાસે માગું છું કે મિત્રો મળો તો તારા જેવો જ મળજો !"

પછી પિથિયાઝ ફાંસીએ ચઢવા તૈયાર થયો.

રાજા આ બધું જોઈ રહ્યો હતો. બન્ને મિત્રોનો દૈવી પ્રેમ જોઈને એનામાં અવનવા ફેરફારો થતા હતા. એના અચંબાનો પાર ન હતો. છેવટે એ કહેઃ "ભાઈ પિથિયાઝ, તમારો બન્ને મિત્રોનો આવો અનહદ પ્રેમ ને ઉચ્ચ કોટિનું વર્તન જોઈને હું તારી સજા માફ કરૂં છું; અને તમે બન્ને મને પણ તમારા એક સાચા મિત્ર તરીકે ગણશો એમ ઈચ્છું."



આ સાભળતાં જ સર્વના મુખડાં હસતાં થયા. આખું વાતાવરણ બન્ને મિત્રોના તેમ જ રાજાના જયનાદથી ગાજી રહ્યું.

## ૩ : ઉપકાર ન ભૂલ્યો !

**આ**ખા યુરોપને ધ્રૂજાવનાર મહાન પુરુષના જીવનનો આ પ્રસંગ છે.

એ વીર નરનું નાનપણ બહુ કંગાલ સ્થિતિવાળું હતું. એનું દળદર કલ્પનામાં ય ન આવે એવું હતું.

એની સ્થિતિ કંગાલ હતી, પણ એનું મન કંગાલ ન હતું. એ ઉદાર હતો. આપ્યું વચન પૂરું પાળે એવો હતો.

ગમે તેમ કરીને થોડું ઘણું ભણવાનો એણે નિશ્ચય કર્યો. નાનપણથી જ એનો વિચાર જગતમાં કંઈક નામના કાઢવાનો હતો. લશકરી તાલીમ લઈને મોટો સેનાપતિ થવાની એની ઈચ્છા હતી.

એ વીર અને એકવચની પુરુષ બ્રીયાંની લશકરી શાળામાં શિક્ષણ લેવા લાગ્યો. મૂળથી એ રહ્યો મસ્તીખોર, અને વળી લશકરી તાલીમ લેવાની. આથી એને ભૂખ ખૂબ લાગતી. એને નાનપણમાં ખાવાને બહુ જોઈતું. પૈસાની તો તાણજ હતી. હવે કરવું શું ?

પણ દૈવયોગે એક ફળ વેચનારાં ડોસીમા ત્યાં રોજ ફળ વેચવા આવતાં. આ ડોસીમા એના ઉપર બહુ હેત રાખતાં. એ એને ઉધાર



ફળ આપતાં. અને કંઈક આધાર મળતો, ને શાંતિ વળતી.

ત્રણ વર્ષ પછી એને એ શાળા છોડવાની થઈ. આ વખતે તો એની પાસે ડોસીમાનું ઘણું જ લહેણું નીકળતું હતું.

એણે ડોસીમાને કહ્યું, “માજી, મારા ઉપર આપના ઉપકારોનો પાર નથી. આપનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. મારી પાસે અત્યારે નાણાં નથી. પણ આપની પાઈએ પાઈ આ જિંદગીમાં હું જરૂર વાળી આપીશ.”

ડોસીમા કહેઃ “વારૂ બેટા, કાંઈ વાંધો નહી.”

દૈવની ગતિ કાંઈ ન્યારી જ છે. સર્વને કાંઈ સદા કાળ દુઃખ ટકતું નથી. એ પ્રમાણે આ એક વચની વીરની મહત્વાકાંક્ષા ફળી. ઈશ્વરકૃપાથી એ ફ્રાન્સનો સેનાધિપતિ થયો. દશે દિશાએ એની કીર્તિ ફેલાઈ. એ મહાન નેપોલિયન બોનાપાર્ટ તરીકે ઓળખાયો.

પણ એ નેપોલિયન કીર્તિ કે મોટાઈમાં ગાંડો બનીને છકી જાય એવો ન હતો. એને દુઃખમાં મદદ કરનાર પેલાં ડોસીમા સાંભર્યાં. એ ડોસીમાનું દેવું આપવાને જાતોજાત બ્રીયાં ગયો.

ઘણા દિવસ થવાથી એ ડોશીમાનું ઘર ભૂલી ગયો હતો; પણ પૂછી પૂછીને એણે ડોશીમાનું ઘર શોધી કાઢયું.

ડોસીમા તો હવે બહુ ઘરડાં થઈ ગયાં હતાં. એમને એક છોકરી હતી, તે ય મોટી થઈ ગઈ હતી.

ડોસીમાને જોતાં જ એ એમને પગે પડયો. એ કહે, “માજી, આપનો ઉપકાર તો મારાથી ભૂલાય એમ નથી. પ્રભુકૃપાએ હું આપનું દેવું આજે ચૂકવી શકું છું.”

ડોશીમા કહે, "ભાઈ, એનું કાંઈ નહિ. એ વાતને તો વર્ષો વીત્યાં તમે તો હવે મોટા માણસ થયા. આટલું યાદ કર્યું, એ કાંઈ ઓછું છે ? તમારા જેવા એકવચની મેં કોઈ જોયા નથી."

ડોસીમાએ એ મહાન નેપોલિયનની પુત્રના જેટલા પ્રેમથી આગતાસ્વાગતા કરી. એમણે એને ખૂબ તરબૂચ ખવરાવ્યાં, અને સારી રીતે જમાડયો. એનો આનંદ ને પ્રેમ માતાં ન હતાં.

નેપોલિયને ડોસીમાનું બધું દેવું ચૂકવી આપ્યું. ઉમ્મર લાયક થયેલી પુત્રીનું લગ્ન કરી આપ્યું, ને તેમને રહેવાને માટે સુંદર મકાન પણ બંધાવી આપ્યું.

લોકોને આ વાતની જાણ થઈ. સૌ એનાં વખાણ કરવા લાગ્યાં. સૌ કહે, આનું નામ તે મોટાઈ. ઉપકાર ન ભૂલે એનું નામ માણસાઈ, અને સાચી કીર્તિ. અને સાચેજ એની કીર્તિ આજે અવિચળ છે.



## ૪ : પરોપકારની અવધિ

**રા**જા સંસ્કૃતિને બે કુમાર. રન્તિદેવ ને ગુરુદેવ.

રન્તિદેવ રાજા થયો. એ હતો માયાળુ ને દયાળુ. જબરો પરગજુ. એની ભલાઈનો પાર નહિ. બીજાનું દુઃખ મટાડવા પ્રાણની પણ પરવા નકરે એવો એ પરોપકારી. જાણે દેવનો અવતાર.

એના સમયમાં ભારે દુકાળ પડયો. વરસાદનો છાંટો ન મળે. અનાજે ન મળે. ઘાસચારો ય ન મળે. માણસો ને પ્રાણીઓ બધાં ત્રાહ્યત્રાહ્ય પોકારવા લાગ્યાં.

હવે થાય શું ? હોમહવન કર્યા. ઈંદ્રદેવની સ્તુતિ કરી. મેઘરાજાને વિનવણી કરતાં સૈ કહે: "હે મેઘરાજ, આપ તો મોટા રાજા. આપ તો પાલનકર્તા. આ છૈયાંછોકરાં ભૂખે મરે છે. આ મૂંગા ઢોરની ય દયા નથી આવતી ? હવે તો હદ થઈ. થોડી તો દયા લાવો ? થોડો તો વરસાદ વરસાવો ?"

પણ એમ કાંઈ ન વળ્યું.

લોકોએ રાજા પાસે ફરિયાદ કરી.

રાજાએ સર્વને આશ્વાસન આપ્યું. કોઠારમાંનું બાકી રહેલું

અનાજ પણ વહેંચી આપ્યું.

પણ હવે શું ?

રાજાએ વિચાર્યું: “આ તો થોડાક દિવસમાં પાછું હતું તેનું તે થશે.લાવ, મેઘરાજાનું તપ આદરૂં.”

મોટું એવું વન હતું. અઘોર વન. એ વનમાં એક મોટું ઝાડ હતું.એ ઝાડ નીચે રાજાએ તપ આદર્યું.

એક દિવસ થયો. બે દિવસ થયા. ત્રણ ને ચાર દિવસ થયા. રાજા ખાય નહિ ને પીએ નહિ. પૂરું ઊંઘે પણ નહિ.બસ, એમની તો તપમાં જ ધૂન.

આમ ઉપવાસ ઉપર ઉપવાસ થયા. પૂરા એક તાળીસ દિવસના ઉપવાસ થયા.શરીર સૂકાઈને લાકડા જેવું થઈ ગયું. બીજું હાડપિંજર જ જોઈ લોને.

ત્યાં તો મેઘરાજારીઝયા ને તપ પૂરું થયું. એક માણસ સાથે રાણીજીએ થાળ મોકલ્યો.

છત્રીસ જાતની રસોઈથી થાળ ભરેલો હતો. પણ જ્યાં રાજાજી ખાવા જાય છે ત્યાં એક ગરીબ બ્રાહ્મણ ત્યાં આવી પહોંચ્યો. એ કહે “રાજાજી, મારી એક વાત સાંભળશો ? હું ભૂખથી પીડાઉં છું. કંઈક ખાવાનું આપશો ?”

પછી રાજાએ બ્રાહ્મણને સારી રીતે ખવરાવ્યું પીવરાવ્યું આશિષ દઈને બ્રાહ્મણ ચાલતો થયો.

બાકી રહેલા થાળમાંથી રાજા ખાવા જાય છે.ત્યાં એક શૂદ્ર



આવી પહોચ્યો. એ કહે,“રાજાજી, હું આઠ દિવસનો ભૂખ્યો છું. કંઈ ખાવાનું મળ્યું નથી. ભૂખને લીધે મારા પ્રાણ જાય છે. પ્રભુ, કંઈક ખાવાને આપો. ભગવાન તમારું ભલું કરશે.”

એ શૂદ્રને ય રાજાએ ખવડાવ્યું.શૂદ્રની આંતરડી ઠરી. નમન કરતો ને આશિષ દેતો એ ચાલ્યો ગયો.

હવે થાળમાં બહુ થોડું ખાવાનું રહ્યું હતું.રાજાથી તો ભૂખે રહેવાતું ન હતું. તરસ પણ પુષ્કળ લાગી હતી. જ્યાં રાજાજી મોંમાં કોળિયો મૂકવા જાય છે, ત્યાં ચાર પાંચ કૂતરા લઈને એક અતિથિ આવી પહોંચ્યો. દયામણે વદને એ કહે, “રાજાજી, હું અને આ કૂતરા ભૂખ્યા છીએ. થોડું ખાવાનું આપો તો અમારા જીવ બચે.”

રાજાજીને દયા આવી. હાથમાં લીધેલો કોળિયો થાળમાં મૂકી દીધો. થાળમાં વધેલું બધું ય ખાવાનું રાજાએ એને આપી દીધું. દુવા દેઈને એ ચાલતો થયો.

હવે તો રાજા પાસે ફક્ત એક પ્યાલો પાણી જ રહ્યું. પણ જ્યાં રાજા પાણીનો પ્યાલો મોંએ ધરવા જાય છે, ત્યાં તો “પાણી... પાણી,... પાણી... લાવો... નહિ... તો...જીવ...જાય...છે.” એવી કારમી ચીસ સંભળાઈ.

રાજાજી સહેજ ઊંચા થઈને જુએ તો એક ડોસો ધ્રૂજતો હતો. એ ભૂખથી પીડાતો હતો. એની જીભ તાળવે ચોંટી ગઈ હતી. પાણી વિના એનો કંઠ રૂંધાઈ ગયો હતો. એનું મોં દયામણું બની ગયું હતું.

અચાનક તમ્મર ખાઈને ડોસો ભોંયે પડ્યો.

રાજાજીને ય ભૂખે ને તરસે તમ્મર આવતાં હતાં. એમને બધું લાલપીળું દેખાતું હતું. કંઠ રૂંધાઈ ગયો હતો. એ કશું બોલી ન શક્યા.

પણ રાજાજી કાંઈ એમ ઝાલ્યા રહે ? નીચે બેઠાં બેઠાં, ઘસડતાં ઘસડતાં મહા મહેનતેએ પેલા ડોસા પાસે પહોંચ્યા. પાસે જઈને હેતથી એમણે એને પાણીનો પ્યાલો આપ્યો. એનો પરોપકાર અજબ હતો.

પણ એ ડોસો કાંઈ ખરેખરો ડોસો ન હતો. એ તો ભગવાન પોતે ડોસાનું રૂપ લઈને આવ્યા હતા. રાજાના પરગજુપણાની કસોટી કરતા હતા.

પછી તો ભગવાને રાજાને ખરે રૂપે દર્શન દીધાં, રાજા પ્રભુને જોતાં જ હર્ષઘેલો બન્યો. એમના ચરણમાં પડ્યો.

ભગવાન પ્રસન્ન થયા. એમણે વરદાન માગવા કહ્યું.

રાજા કહે, "પ્રભુ, મારી પ્રજા સર્વ રીતે સુખી રહે, ને શરણે આવેલાનું દુઃખ દૂર કરવાની મને શક્તિ મળે એટલી આશિષ આપજો."

'તથાસ્તુ !' કહી ભગવાન અલોપ થઈ ગયા.

નગરમાં મેઘરાજાએ લીલાલહેર કરી મૂકી હતી. ખેડૂતો ખેતી કરતા હતા, રાજાજીના ગુણ ગાતા હતા, બધે આનંદ આનંદ થઈ રહ્યો હતો.



## ૫ : અડગ બાળક

**ના**ઈલ નદીનું યુદ્ધ ચાલતું હતું. અંગ્રેજોને ફ્રેંચો વચ્ચેનું એ યુદ્ધ.

અંગ્રેજો હોંશિયાર ને ફ્રેંચો ય જબરા. એકએકથી પાછા ન પડે.

અંગ્રેજ કાફલાએ નિશાન તાક્યાં, બંદુકોને તોપો છૂટી.

'ધનનન ધનનન ને ધડુમ્... ધડુમ્.'

ફ્રેંચ સરદાર નેપોલિયનનો કાફલો તૈયાર હતો. આગબોટ "ઓરીએન્ટ" ના કાબેલ સરદારે નિશાન ગોઠવ્યાં.

એ...ત્યાં તો 'ધનનન, ને ધડુમ...' ચાલ્યું.

ધુમાડાના ગોટેગોટને કાળાં પાણીનાં મોજાની વાત જ શી કરવી ?

"તૈયાર રહો, ધ્યાન આપો, નિશાન તાકો, પેલી બાજુ, સાવચેતીથી," હુકમો છૂટ્યા.

ત્યાં તો ફ્રેંચ કાફલા ઉપર એક ભયંકર ગોળો પડ્યો. વહાણમાં નાનું ગાબડું પડ્યું.

કપ્તાને એ જોયું, તરત તે તરફ દોડ્યો, સાવધ રહેવા સૂચના આપી. સઢ પાસે એક છોકરાને ઊભો રાખ્યો. માત્ર દશ વર્ષનો એ છોકરો. એનું નામ કેસેબિયન્કા, કપ્તાનનો જ છોકરો.

એને કહ્યું, "બેટા, આ જગ્યાએ જ ઊભો રહેજે, હું કહું નહિ ત્યાં સુધી આ જગ્યા છોડીશ નહિ. બરાબર સાચવજે, હોં, માતૃભૂમિ ફ્રાન્સને ખાતર; મારે પોતાને ખાતર; તારા દેશને ખાતર. જાન જાય તો ય આ જગ્યા છોડીશ નહિ."

સઢની સોંપણી કરી સરદાર બીજી જગ્યાએ ગયો. કેસેબિયન્કા બહાદુર હતો. અડગ ને ટેકીલો હતો. વીરને પેઠે એ ઊભો રહ્યો. જાણે બીજો વીર યોદ્ધો.

ગોળા ઉપર ગોળા છૂટયા. ધૂમાડાના ગોટેગોટા. અવાજોનો પાર નહિ. કાન પડયું સંભળાય નહિ.

માણસો મરવા લાગ્યાં. વહાણ બળવા લાગ્યું. નાવિકો નાહિંમત થયા. બધા ગભરાયા.

કેંટલા બધા ગોળા ! ધગધગતા ગોળા ! લાલ ચોળ ગોળા ! ગોળા આવે ને પડે વહાણમાં, એ પડે ત્યાં તો કાણાં કાણાં કરી મૂકે. આમ આખું વહાણ ચાળણી જેવું થઈ ગયું.

તોપચીઓ માર્યા ગયા. સૈનિકો ભાગવા લાગ્યા. બધા નાહિંમત થયા.

"વહાણ બળ્યું , ઓ...વહાણ ડૂબ્યું. આ ગયા સમજો ! હોડીઓ લાવો. ઝટ હોડીઓ લાવો. ઝટ હોડીઓ નાખો. જીવ બચાવો. નાસો, નાસો !"



ઝટ ઝટ હોડીઓ છૂટી. કૂદી કૂદીને સૈનિકો હોડીઓમાં પડવા લાગ્યા.

કોઈ કહે, "અલ્યા. પેલું કોણ ઊભું છે ? હાં, હાં, એ તો આપણો કેસેબિયન્કા, અલ્યા કેસેબિયન્કા ચાલ, ચાલ, ઝટ આવ; નહિ તો મરી ગયો સમજજે."

છોકરાએ જાણ્યું, "હમણાં બાપુ આવશે. હમણાં કહેશે કે 'તું જા.' બાપુજીનાં કહ્યા વિના કેમ જવાય ? "

એ કહે, "ના, મારે તો નથી આવવું."

વહાણનાં પાટીયાં બળવા લાગ્યાં. જ્વાળાઓ નીકળવા લાગી. સઢ પણ બળવા લાગ્યો. કેસેબિયન્કાની આજુબાજુ પુષ્કળ ગરમી થઈ. બધે અગ્નિદેવ ફરી વળ્યા.

એટલામાં બૂમ સંભળાઈ, "બેટા, કેસેબિયન્કા, ચાલ આવતો રહે. આ બધું તો સળગી ઊઠ્યું ! ઓ હમણાં સળગી ગયું સમજજે. ચાલ, ઝટ કર."

કેસેબિયન્કા કહે, "કોણ, બાપુ ? "

જુએ તો બાપુનો મિત્ર.

"આવું છું. આ આવ્યો. બાપુજી આવે એટલે આવું છું. અમે સાથે આવીશું. એ કહેશે એટલે આ આવ્યો. તમે તમારે જવું હોય તો જાઓ."

વહાણ ઉપર કોઈ ન રહ્યું. કેસેબિયન્કા એકલો અટુલો સઢની પાસે બાપુજીની વાટ જોતો ઊભો રહ્યો.

"ગમે તેમ થાય; પણ બાપુજીનો હુકમ કેમ તોડાય ?" એણે

એક બૂમ પાડી: "બાપુજી, ક્યાં છો ?"

પણ ત્યાં સાંભળે કોણ ? જવાબે ય કોણ આપે ? હવામાં ઉડતા તણખા સિવાય ત્યાં બીજું કોઈ હોય તો ને ? બાપુજી ત્યાં હોય તો સાંભળે ને ? એ તો ક્યારનાય વહાણને તળિયે નાઈલનાં કાળાં પાણીમાં ડૂબી ગયા હતા.

સામેથી તોપના અવાજે જવાબ આપ્યો, "ધણણણ... ....."

ભડકા ઉપર ભડકા થયા. મોટી મોટી જ્વાળાઓ થઈ. સઢ સળગવા મંડ્યો. વાવટો ય બળવા લાગ્યો. જ્યાં જુઓ ત્યાં ભડકા જ ભડકા. પણ એ ટેકીલો છોકરો એક તસુય ન ખસ્યો તે ન જ ખસ્યો.

એટલામાં એક ભયંકર અવાજ થયો. એક જબરો ગોળો છૂટ્યો. આખું વહાણ ડૂબવા લાગ્યું. બળ્યો-ઝળ્યો કેસેબિયન્કા પણ નદીને તળીએ બેઠો. પણ એ ન ખસ્યો તે ન જ ખસ્યો.

કેસેબિયન્કાએ બાપનું વચન પાળ્યું.

પિતાને ખાતર એ ત્યાંથી ન ખસ્યો.

માતૃભૂમિને ખાતર એ નદીને તળીએ બેઠો. નદીને તળીએ બેસીને એણે અમર કીર્તિ મેળવી. ધન્ય કેસેબિયન્કા !



## ૬ : ઉદાર સરદાર

ઝટફન આગળ ખૂનખાર યુદ્ધ જામ્યું હતું. બંદુકો ને તોપો છૂટતી હતી. ધૂમાડાના ગોટેગોટા નીકળી રહ્યા હતા. મોટા મોટા ભયાનક અવાજો થતા હતા.

સામસામાં બે સૈન્યો ગોઠવાયાં હતાં. બન્નેએ પૂરેપૂરી તૈયારીઓ કરી હતી. બન્ને તરફથી પુષ્કળ દારૂગોળો ફૂટતો હતો. કેટલાય સિપાઈઓએ દારૂગોળાના ભોગ થઈ પડતા હતા. કેટલાક વીરત્વ દાખવી ધરતીને ખોળે સદાને માટે સૂતા હતા.

બિચારા મુએલા સૈનિકોનો ત્યાં કોણ ભાવ પૂછે ? કેટલાય અધમુઆ સૈનિકો પગમાં અથડાતા હતા. કેટલાય નિમકહલાલ ઘોડાઓ એ દારૂગોળાથી રણક્ષેત્રમાં પગ પહોળા કરીને સૂતા હતા. બેયોનેટ (સંગીન) ને બંદુકો, બધુંય રણક્ષેત્રમાં રઝળતું હતું.

એવામાં અચાનક એક બંદુકની ગોળી અંગ્રેજ પક્ષના સરદારને વાગી. સરદાર બિચારો ખરેખરો ઘવાયો. એ હવે લડી શકે એવી સ્થિતિમાં નહોતો રહ્યો. મરણતોલ કારી જખમ થયો હતો.

પાસેના સૈનિકો આ બનાવથી ગભરાયા. એમના હાથ નીચા નમી ગયા. એ બહુ દિલગીર થયા: "હેં ! સરદાર સાહેબને ગોળી

વાગી !"

એમણે ધાર્યું, "લાવો ને, સરદારને રણક્ષેત્રમાંથી બાજુએ લઈ જઈએ, ને આગતાસ્વાગતા કરીએ. કંઈક દવાદારૂ કરીએ. વખતે સરદાર સાહેબ બચે તો બચે."

સૈનિકોએ સરદારને ઉપાડ્યો. પુષ્કળ લોહી નીકળતું હતું. એનું દુઃખ કહ્યું જાય એવું નહોતું. એ બિચારાને ખૂબ તરસ લાગી હતી. હોઠ સૂકાઈ ગયા હતા. ગળું રૂંધાઈ ગયું હતું. તરસે બિચારાનો જીવ અણી ઉપર આવી ગયો હતો. દુઃખભર્યા ધીમે સાદે સરદારે કહ્યું, "જ...રા પાણી આપશો ?"

કેટલાક સૈનિકો પાણી લેવા ચારે તરફ દોડ્યા. થોડી વારે મહા મુશિબતે એક પ્યાલો પાણી લેઈને સૈનિકો આવી પહોંચ્યા. સૈનિકોએ સરદારને પાણીનો પ્યાલો આપ્યો.

એટલામાં એક તરસથી પીડાતો સૈનિક ત્યાં થઈને જતો હતો. એનોય કંઠ બેસી ગયો હતો. મોઢું સૂકાઈ ગયું હતું. બિચારાનો તરસે જીવ જતો હતો. મંદ અવાજે એ બોલ્યે જતો હતોઃ "પા... ણી ! પા...ણી !"

સરદાર જ્યાં પાણીનો પ્યાલો હોઠે માંડતો હતો ત્યાં તો એણે પેલા સૈનિકનો દુઃખી અવાજ સાંભળ્યો. સરદારનું હૈયું ધ્રૂજી ઊઠ્યું.

સરદાર કહે, "દુઃખી સૈનિક, લે આ પ્યાલો. પાણી પી, ને તરસ છીપાવી તારી વેદના શાન્ત કર. આ ભૂમિને મારા કરતાં તારી જરૂર વધારે છે !"

સરદારે સૈનિકને પાણીનો પ્યાલો આપી દીધો. પાણી પીને સૈનિકે તરસ છીપાવી. એણે અંતરની આશિષ દીધી. એનો જીવ



બચી ગયો.

ઉદાર ને દયાળુ સરદારનો પાણી વિના તરસે જીવ ગયો. ધન્ય છે એની ઉદારતાને !

એ સરદારનું નામ તમે જાણો છો ? એનું નામ સર ફિલિપ સિડની. એની આ ઉદારતાને લીધે એનું નામ અમર થયું.

## ૭ : ગુરુભક્ત કચ

દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય હતા, એ એક આંખે કાણા હતા. પણ મહાવિદ્વાન હતા. ભલભલાને પણ એ પાછા પાડે એવા હતા. અરે ! દેવોય એમનાથી ડરે, એમને એક પુત્રી હતી. એનું નામ દેવયાની.

એમને એક કચ નામનો શિષ્ય હતો. એ એમની પાસે મૃત્યુસંજીવની વિદ્યા શીખતો હતો.

કચ ગુરુનું બધું કામ કરે. એ પોતાના પ્રાણનીય પરવા ન કરે, ન પૂરું ઊંઘેય નહિ. ગુરુની સેવામાં એ સદા તૈયાર જ રહે.

કચ ગુરુ ઉપર હેત રાખે. ગુરુ કચ ઉપર હેત રાખે.

દૈત્ય શિષ્યોએ આ જોયું. એમનાથી આ કેમ સાંખ્યું જાય ?

એક વાર કચ બગીચામાં ફૂલ વીણતો હતો. દૈત્યો ત્યાં જઈ પહોંચ્યા. એમણે કચને મારી નાખ્યો.

સાજ પડી. શિષ્યો ભેગા થયા; પણ કચ ન દેખાયો. ગુરુ વિચારમાં પડયા. એમણે વહાલો કચ ન જોયો. એ ગભરાયા, એમણે બધા શિષ્યોને પૂછી જોયું; પણ કોઈ કશું કહે તો ને ? ગુરુ મું ઝાયા.

છેવટે ગુરુએ સમાધિ ચઢાવીને જોયું. કચ મરણ પામ્યો છે એવી એમને ખબર પડી.



પોતાની વિધાથી કચને ગુરુએ જીવતો કર્યો.

દોડતો દોડતો કચ આવી પહોંચ્યા. ગુરુને એ પગે પડયો. કચ ગુરુની અનહદ પ્રેમથી સેવા કરવા લાગ્યો. ને વિધા ભણવા લાગ્યો.

દૈત્ય શિષ્યો આ સાંખી ન શકયા.

કચને ફરીથી દૈત્યોએ મારી નાંખ્યો. આ વખતે તો એની રાખ કરીને ગુરુને પાઈ દીધી.

ગુરુને ખબર પડી. હવે શું થાય ?

પણ ગુરુ કાંઈ ઓછા ન હતા. એમણે પેટમાંના કચને વિધા શીખવવા માંડી. પુરેપુરી વિધા શીખવી.

કચ મૃત્યુ સંજીવની વિધામાં નિપુણ થયો; એટલે ગુરુ કહે:"બેટા, કચ, મારૂં પેટ ચીરીને હવે બહાર નીકળ."

પેટ ચીરીને તરત જ કચ બહાર નીકળ્યો. કચે ગુરુને જીવતા કર્યા. સૈ ખુશી થયાં. દેવયાનીનાય હરખનો પાર ન રહ્યો ફક્ત દૈત્યો એકલા કચવાતા રહ્યા.

ગુરુએ કચને આશીર્વાદ આપ્યો. "બેટા કચ, તારૂં કલ્યાણ થાવ."

દેવયાનીની ઈચ્છા કચ સાથે લગ્ન કરવાની થઈ. દેવયાનીએ એ વાત કચને કહી.

કચ કહે, "મોટી બેન, એવું ખોટું બોલ મા. શુક્રાચાર્ય મારા પિતા થાય. તું એમની પુત્રી. તું મારી ધર્મની બેન, તારી સાથે મારાથી કેમ પરણાય ? ગુરુની કન્યાને પરણું તો હું પાપી કહેવાઉં,

માટે બેન, એ વાત રહેવાદે, આપણે ભાઈબેનની પેઠે રહીશું ? પિતાની સેવા કરીશું ને આનંદે રહીશું.''

દેવયાની કહે, ''કચ, ગમે તેમ થાય; પણ મારી સાથે પરણવાનું તમે વચન આપો. નહિ તો હું તમને શાપ આપીશ.''

કચ કહે, ''ભલે, પણ હું એવું ખોટું કામ તો નહિ કરૂં.''

દેવયાની આથી ખીજાઈ, એણે શાપ આપ્યો. ''મારી વાણી તેં ઉથાપી, માટે જા. તારી વિદ્યા નિષ્ફળ જશે.''

ગુરુભક્તિને ખાતર કચે ગુરુપુત્રીનો શાપ માથે ચઢાવ્યો. ધન્ય એની ગુરુભક્તિ !



## ૮ : ઉપમન્યુની કસોટી

**ધૌ**મ્ય ઋષિને ઘણા શિષ્યો હતા. ઉપમન્યુ નામનો શિષ્ય જરા ચાલાક હતો.

એક દિવસ ગુરુ ઉપમન્યુને કહે, ''બેટા આજથી હું તને ગાયો ચારવાનું કામ સોંપું છું. ગાયોની બરાબર દેખરેખ રાખજે. જોજે; એ કંઈ નાસી ન જાય. એમને કશું દુઃખ ન પડે.''

ગુરુની આજ્ઞા પ્રમાણે ઉપમન્યુ રોજ ગાયો ચરાવવા જાય. આખો દિવસ એ ગાયો ચારે. એમની સારી માવજત કરે. પાણી પાઈને સાંજે એ આશ્રમમાં પાછો આવે. ગુરુને પ્રણામ કરને એ ઉભો રહે.

આમ બહુ દિવસ વીત્યા. એક દિવસ ગુરુને શંકા થઈ. એ કહે, ''બેટા ઉપમન્યુ, હમણાં હમણાંમાં તારૂં શરીર ઠીક ખીલ્યું લાગે છે ? શું તું કંઈ છાનોમાનો ખાય છે ?''

ઉપમન્યુ કહે, ''ગુરુજી, ભિક્ષા માગી લાવી તેમાંથી જે મળે છે તે જ હું ખાઉં છું.''

ગુરુ કહે, ''અરેરે ! એવું તે થાય ? તારાથી એ ખવાય કેમ ? એ રીત સારી નહિ.''

પછી તો ઉપમન્યુ બધી ભિક્ષા ગુરુનાં ચરણ આગળ ધરી

દેતો. ગુરુય તેને કંઈ આપતા નહિ.

ગુરુને લાગ્યું, "હજુય ઉપમન્યુ કંઈ ચાલાકી કરે છે. એ કહે, "બેટા, ભિક્ષા તો તું મને આપી દે છે. ત્યારે તું ખાય છે શું"

ઉપમન્યુ કહે, "ગુરુજી, ગાયોના આંચળમાંથી ઝરતું દૂધ પીઉં છું."

ગુરુજી કહે, "અરર, મારી આજ્ઞા વિના તારાથી દૂધ કેમ પીવાય ? હવે એમ ન કરતો."

શરમાઈ જઈને ઉપમન્યુ કહે, "જેવી આજ્ઞા, ગુરુજી હવે દૂધ નહિં પીઉં."

થોડાક દિવસ પછી વળી પાછા ગુરુજી કહે, "બેટા, ઉપમન્યુ તું ભિક્ષા લેવા જતો નથી. દૂધ પીતો નથી; તો ખાય છે શું ?"

ઉપમન્યુ કહે, "પ્રભુ, ધાવતાં ધાવતાં વાછરડાંના મોઢામાંથી જે ફીણ નીકળે છે તે ખાઉં છું."

ગુરુ કહે, "બેટા, હવે એવું ન કરતો. વાછરડાંની જાત દયાળુ રહી. તને ફીણ ખાતો દેખીને એ વધારે ફીણ બહાર કાઢે. અને આથી તે ભૂખ્યાં રહે. હવેથી એમ ન કરતો."

ઉપમન્યુ કહે, "બહુ સારૂ, ગુરુજી."

બીચારા ઉપમન્યુને હવે ખાવું શું ? ભૂખે પેટે એ ગાયો ચારવા લાગ્યો. પણ એમ કેટલા દિવસ ભૂખે રહેવાય ? એને એક વિચાર સૂઝયો. એણે આકડા વગેરેનાં કુમળાં પાન ખાવા માંડ્યાં. થોડે દિવસે એ બિચારો આંધળો થયો.

એક દિવસ આશ્રમ તરફ પાછા ફરતાં અચાનક એ એક કુવામાં



પડી ગયો. ગાયો આશ્રમમાં આવી ગઈ. રાત પડી; પણ ઉપમન્યુ ન દેખાયો.

ગુરુ કહે, "ઉપમન્યુ ક્યાં ગયો ? એને શું થયું ? ચાલો આપણે એને શોધવા જઈએ."

ગુરુ ને શિષ્યો ઉપમન્યુને ખોળવા ચાલ્યા. ગુરુ બૂમો પાડે, "બેટા, ઉપમન્યુ, ક્યાં છે તું ? ક્યાં ગયો ?"

અચાનક ઉપમન્યુએ સાદ વર્ત્યો. એ કહે, "ગુરુજી, હું તો આ કુવામાં પડી ગયો છું."

ગુરુ કહે, "બેટા, કુવામાં શું કરતા પડી ગયો ?"

ઉપમન્યુ કહે, "મારાથી ભૂખે ન રહેવાયું. આથી રોજ હું આકડાનાં પાન ખાતો હતો. આકડાનાં પાન ખાવાથી હું આંધળો થયો. ને આવતાં આવતાં કુવામાં પડી ગયો."

ગુરુ કહે, "ઠીક, બેટા, તો અશ્વિનીકુમારની તું પ્રાર્થના કર. તારી આંખો સારી થશે."

ઉપમન્યુએ અશ્વિનીકુમારની પ્રાર્થના કરી, એ પ્રસન્ન થયા અને કહે, "ઉપમન્યુ, તારી પ્રાર્થનાથી અને ગુરુભક્તિથી હું પ્રસન્ન થયો છું. લે, આ તારે માટે ખાવાનું આણ્યું છે."

પ્રણામ કરીને ઉપમન્યુ કહે, "પ્રભુ, ગુરુદેવને અર્પણ કર્યા વિના મારાથી એ ન ખવાય."

અશ્વિનીકુમારે એને બહુ સમજાવ્યો. એણે એ ન માન્યું.

એની આવી અડગ ગુરુભક્તિ જોઈને અશ્વિનીકુમાર પ્રસન્ન થયા. એની આંખો પહેલાં હતી તેવી થઈ ગઈ. અશ્વિનીકુમારે

એને બહાર કાઢ્યો. અશ્વિનીકુમાર અલોપ થઈ ગયો.

ઉપમન્યુને ગુરૂ હેતથી ભેટી પડ્યા, એમણે એને આશીર્વાદ આપ્યો.

આગળ જતાં એ મોટો પંડિત થયો.



## ૯ : વેદ

**ધૌ**મ્ય નામના ઋષિ હતા. વનમાં એ રહેતા હતા. મોટો એમનો આશ્રમ હતો. ઘણા શિષ્યો સાથે એ રહેતા હતા. વેદ નામનો વિદ્યાર્થીય ત્યાં રહેતો હતો.

બધા શિષ્યો ગુરુ સોંપે તે કામ કરતા. કોઈ ફળફુલ વીણી લાવતા. કોઈ પાણી ભરી લાવતા. કોઈ બળતણ વીણી લાવતા. તો કોઈ વળી ગાયો ચારવા જતા.

એક દિવસ બધા શિષ્યો કામે વળગ્યા. વેદને ગુરુએ જવનાં ખેતરમાં મોકલ્યો. ખેતર પાસે પાણીનો કાંસ હતો. કાંસમાંથી પાણી વાળીને જવને પાવાના હતા.

વેદ જવના ખેતરમાં ગયો. એણે કાંસ ઉઘાડ્યો ને ઢાળીએ પાણી લીધું.

પણ આ શું થયું ? ખળખળ કરતું પાણી ધસી આવ્યું. કાંસનો બંધ અચાનક તૂટી ગયો ને પાણી આખા ખેતરમાં ફરવા લાગ્યું ?

વેદ બીચારો શું કરે ? માટીય કેટલી લાવે ? એ માટી લાવીને પૂરે. બીજી લેવા જાય ત્યાં પૂરેલી માટી ધોવાઈ જાય.

વેદ ખરેખરો ગભરાયો. હવે શું કરવું ? આ તો આખું ખેતર

પાણી પાણી થઈ જશે ! બધાય જવ કહોવાઈ જશે.

પણ વેદ હિમ્મતવાળો હતો. બુદ્ધિવાળો હતો. હૈયે હિમ્મત રાખીને એ બંધમાં ભરાયો. કાંસમાંથી વહેતું પાણી હવે અટક્યું.

પણ વેદનું શું ? એ તો કાંસમાં ને કાંસમાં ! કેટલી બધી ઠંડી !

રાત પડી. બધા શિષ્યો આશ્રમે આવ્યા, પણ વેદ ન આવ્યો. ગુરુએ બધાને પૂછયું.પણ એ જાણે તો કહેને ? ગુરુ મુંઝાયા.

ગુરુને યાદ આવ્યું, "હા એને જવને ખેતરે મોકલ્યો છે."

ગુરુ એને ખોળવા જવા તૈયાર થયા. પગમાં પાવડીઓ પહેરીને હાથમાં લાકડી લીધી. એ તો પૂરૂં ઓઢવાય ન રહ્યા.

એ આમ જુએ. તેમ જોઈને બૂમ પાડે; પણ કોણ બોલે ? વેદ હોય તો ને ? છેવટે જવના ખેતર પાસે આવ્યા.

"વેદ, બેટા, ઓ વેદ, કયાં ગયો ? છે કે નહિ ? બોલ તો ખરો !"

એ તો આખું ખેતર ફરી વળ્યા; પણ કોઈ બોલ્યું નહિ.

છેવટે એ પેલા કાંસવાળા બંધ પાસે આવ્યા.

ગળગળે અવાજે ગુરુ બોલ્યા, "બેટા વેદ, હવે તો બોલ. આ ખેતરતો બધું પાએલું છે; ને તું કયાં ગયો ? બોલ બેટા, ઓ વેદ !"

ત્યાં તો ધીમેથી વેદ બોલ્યો, "ગુરુજી આ રહ્યો હું તો."

ગુરુએ વેદને કાંસમાં જોયો. વહેલા વહેલા એ દોડયા. એ એને કાઢવા લાગ્યા.

પણ વેદ કહે, "ગુરુજી, પહેલો આ કાંસ બંધાવો. નહિ તો



બધેય પાણી પાણી થઈ રહેશે મારી કશી ચિંતા કરશો નહિ."

ગુરુએ લાકડી એક બાજુએ નાંખી. એ તો માંટી લાવ્યાં, પાંદડાં લાવ્યા, કાંટા ને કાંકરા લાવ્યા. વહેલે વહેલે એમણે કાંસનો બંધ બાંધી દીધો. વેદને બહાર કાઢયો.

વેદને પુષ્કળ ઠંડી લાગી હતી. એ અકડાઈ ગયો હતો. એનાથી ચલાય એમ ન હતું.

ગુરુએ એને ઉંચકયો. એ ચાલી નીકળ્યા.

કેટલાક શિષ્યો સામે મળ્યા. બધાય પાછા ફર્યા; ને આશ્રમે આવ્યા.

તાપણી કરી વેદને પુષ્કળ તપાડયો. એનું શરીર ગરમ થયું. ઠંડી જતી રહી ને અકડાટ ઓછો થયો. વેદ સાજો થયો.

ગુરુ એને ભેટી પડયા.

વેદ ગુરૂ ઉપર હેત રાખે. ગુરુ વેદ ઉપર હેત રાખે.

ગુરૂના આશીર્વાદથી વેદ મોટો પંડિત થયો.

## ૧૦ : કૃષ્ણ-સુદામા

**સાં**દીપનિ ઋષિ હતા. એમને ઘણા શિષ્યો કૃષ્ણ અને સુદામાય એમના શિષ્યો.

બધા શિષ્યો ગુરુની સેવા કરે. કોઈ ફળફૂલ લાવે, કોઈ પાણી લાવે, કોઈ ગાયો ચારી લાવે; તો કોઈ લાકડાં લાવે.

એક દિવસ ગુરુ કંઈ ગામે ગયા હતા. ગુરુપત્નીએ કૃષ્ણ-સુદામાને લાકડાં લેવા મોકલ્યા.

કૃષ્ણ-સુદામા કુહાડા લઈને ચાલી નીકળ્યા. ને એક જંગલમાં ગયા. એક સુકું ઝાડ એમણે કાપ્યું. બરાબર ફાડ્યું ને લાકડા કર્યાં.

એટલામાં વરસાદ ચડી આવ્યો. કાટકા ને વિજળીઓ થવા લાગી. ઝીણે ફોરે વરસાદ પડવા લાગ્યો.

કૃષ્ણ-સુદામાએ લાકડાંના ભારા બાંધ્યા. સામાસામી ચઢાવીને એ માથે લીધા. એ ચાલવા લાગ્યો.

પણ ત્યાં તો વરસાદ જોરથી પડવા લાગ્યો. ખરેખરો પડવા લાગ્યો. અરે ! મુશળધાર વરસાદ વરસ્યો. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી. રાત્રિ પડી ને અંધારૂંય થયું. રસ્તોય ન સૂઝે. વરસાદ કહે મારૂં કામ. પવન જોરથી ફૂંકાય. હવે જવું ક્યાં ?



બન્ને ગભરાયા. ખરેખરા પલળ્યા. એ તો આમ જાય ને તેમ જાય.

એક ટેકરા ઉપર ઝાડ હતું. ટેકરે ચઢીને ધ્રૂજતા ધ્રજતા એ ઝાડ તળે ઉભા રહ્યા.

આશ્રમમાં ગુરુજી આવ્યા હતા. બધાય શિષ્યો એમની આજુબાજુ બેઠા હતા. કૃષ્ણ ને સુદામા ના દેખાય.

એ બન્નેને ન જોતાં ભયભીત ચહેરે ગુરુજી બોલી ઉઠ્યા, "શિષ્યો, કૃષ્ણ ને સુદામા ક્યાં ગયા ? એ કેમ નથી દેખાતા ?"

શિષ્યો કહે, ગુરુજી. માતાજીને પૂછો. અમે બધા તો જાણતા નથી."

ઋષિ સફાળા ઉઠ્યા. એમણે પત્નીને પૂછ્યું.

ગુરુપત્ની કહે, "બળતણ થઈ રહ્યાં હતાં. તે મેં એમને બળતણ લેવા મોકલ્યા હતા. પછીની મને ખબર નથી."

ઋષિ ગભરાયા, "હવે એમને ખોળવાય ક્યાં ?" ઋષિ ચાલી નીકળ્યા. એ બૂમો પાડે, "બેટા કૃષ્ણ, બેટા સુદામા, ક્યાં છો ? બોલો તો ખરા ?" આમ બોલતા જાય ને આગળ ચાલતા જાય.

કેટલાંય ખાબોચિયાં ખૂંદતા ખૂંદતા ઋષિ પેલા ઝાડ નજીક આવી પહોંચ્યા.

એ કહે, "બેટા કૃષ્ણ-સુદામા ક્યાં છો ?"

ત્યાં તો કૃષ્ણ-સુદામા બોલી ઉઠ્યા. "ગુરુજી, આ રહ્યા."

એ તો દોડતા દોડતા આવ્યા. ગુરુ ને શિષ્યો ભેટી પડ્યા.

ગુરુ ગળગળા થઈ ગયા; "બેટા, બહુ દુઃખ પડ્યું. અમારે માટે તમે બહુ દુઃખ વેઠ્યું. તમારી ગુરૂભક્તિ જોઈને હું તમારા ઉપર બહુ રાજી થયો છું. તમારી વિદ્યા સફળ થજો."

લાકડાં લેઈને એ આશ્રમે આવ્યા.

બધા શિષ્યો એમની વાત સાંભળીને નવાઈ પામ્યા. બધા કહે, "વાહ ! વાહ ! ધન્ય છે ! ધન્ય છે ! તમે તો ખરી કરી ! અમનેય બોલાવવા હતાને ?"

બધાય શિષ્યો ગુરુની સાચી સેવા કરવા પ્રેરાયા.

આશ્રમની પાસે મોટું ઝાડ હતું. ઝાડના થડ પાસેના ઊંચા આસન ઉપર સાંદિપની ગુરુ બેઠા હતા. બધા શિષ્યો સામે બેઠા હતા. કૃષ્ણને સુદામાય બેઠા હતા.

જુનો મંત્ર લઈને નવો મંત્ર ગુરૂ શીખવાડતા હતા. બધા એક ચિત્તે બેઠા હતા. નવો મંત્ર શીખતા હતા.

થોડેક દૂર ગુરુપત્ની ગાય દોહવા બેઠાં હતાં. એ પાહો મૂકાવતાં હતાં.

અચાનક બૂમ સંભળાઈ, "બેટા, કોઈ દોહણી લાવો ને. આ ગાય ઉભી નથી રહેતી. આ પાહો તો એણે મૂકી દીધો છે. કોઈ લાવે છે કે !"

કેટલાક શિષ્યોએ આ સાંભળ્યું. નવો મંત્ર ચાલતો હતો. શીખવાનું મૂકીને ઉઠેય કોણ ?

કૃષ્ણ ઉઠ્યા. ઉતાવળા એ દોડ્યા. આશ્રમમાં જઈને એ દોહણી લેઈ આવ્યા. દોહણી એમણે ગુરુપત્નીને આપી.



ગુરુપત્ની ખૂશ થયાં. એ ગાય દોહવા લાગ્યાં. કૃષ્ણ મંત્ર ભણવા ઝાડ નીચે ચાલ્યા ગયા.

## ૧૧ : એકલવ્ય

**દ્રો**ણ ગુરૂ જબરા બાણાવળી. એમની બાણાવિદ્યાને સૌ કોઈ વખાણે.

દ્રોણ ગુરૂ બ્રાહ્મણ હતા. મહાવિદ્વાન ને ભારે તપસ્વી હતા. આથી જ તે હસ્તિનાપુરના રાજગુરૂ હતા.

હસ્તિનાપુરમાં પાંડવ કૌરવોનું રાજ્ય. દ્રોણ ગુરૂએ જ એમને ધનુર્વિધામાં નિપુણ બનાવ્યા હતા. અર્જુન એમનો પટ્ટશિષ્ય. અર્જુન જેવો બીજો બાણાવળી ન મળે.

ઘણા ઘણા રાજકુમારો ને ઘણા ઘણા યુવાનો એમની પાસે બાણવિધા શીખવા આવે. બધાંયને દ્રોણ ગુરૂ યથાશક્તિ વિધા ભણાવે.

ભીલકુમાર એકલવ્ય હતો. ચપળ ને ટેકીલો હતો. ભીલોનો એ રાજા, વનનો એ રાજા.

બાણવિધા શીખવાનો એને વિચાર થયો. એ ગુરૂ દ્રોણાચાર્ય પાસે ગયો. ભક્તિભાવથી એ ગુરૂને પગે લાગ્યો. બાણવિધા શીખવવા એણે ગુરૂને નમ્રભાવે પ્રાર્થના કરી.

ગુરૂ વિચારમાં પડયા. “રાજકુમારોને વિધા ભણાવી. બીજાઓનેય વિધા ભણાવી; પણ આ ભીલને તે વિધા કેમ ભણાવાય ?”



છેવટે એ કહે, “વત્સ, તને હું વિધા તો શીખવી શકીશ નહી; પણ હું તને મારો શિષ્ય ગણું છું. બાણવિધામાં તું કુશળ થઈશ. જા મારો આશીર્વાદ છે.”

નમન કરીને એકલવ્ય ચાલ્યો ગયો.

વનમાં એકાંત જગ્યાએ એણે ઝૂંપડી બનાવી. ઝૂંપડીમાં માટીનું ઉંચુ આસન કર્યુ. આસન ઉપર એણે દ્રોણ ગુરુની મૂર્તિ બેસાડી.

એકનિષ્ઠાથી એ મૂર્તિનું પૂજન કરે. ગુરુ ઉપર વિશ્વાસ રાખીને પછી બાણ છોડે. એ તો એ મૂર્તિને સાચા ગુરુ જ ગણવા લાગ્યો.

બાણવિદ્યામાં દિવસે દિવસે એ વધતો ગયો. બાણ વાપરવાની કેટલીય નવી યુક્તિઓ એ શિખ્યો.

આખો દિવસએ ઝંપીને ન બેસે. જરાય આળસ ન રાખે. વિદ્યા શીખવા એ તનતોડ મહેનત કરે. ગુરુના વચન ઉપર એ પૂર્ણ વિશ્વાસ રાખે. એ તો બાણવિદ્યામાં નિપુણ બન્યો.

દ્રોણ ગુરુ સાથે એક દિવસ પાંડવ-કૌરવો મૃગયા રમવા નિકળ્યા. દૂર જંગલમાં પહોંચ્યા. કોઈ આમ ગયા તો કોઈ તેમ ગયા. બધા વિખરાઈ ગયા.

દ્રોણ ગુરુની સાથે અર્જુન હતો. અર્જુનની સાથે જબરો કૂતરો હતો.

કૂતરો જરા આગળ ચાલતો હતો. એ તો એકલવ્યના ઝૂંપડા આગળ આવી પહોંચ્યો.

એકલવ્યને જોતાં જ કૂતરો ભસવા લાગ્યો.

એકલવ્યની શાંતિમાં ભંગ થયો. બાણસાધનામાં ખલેલ પહોંચી. એ ખીજાયો.

એણે પણછ ખેંચી. બાણ ચઢાવ્યું. નિશાન તાક્યું, અને બાણ છોડ્યું. બરાબર કૂતરાના મોંમાં બાણ પેસી ગયું. બીજું બાણ છોડ્યું. ત્રીજું બાણ છોડ્યું. એણે કૂતરાનું આખું મોં બાણથી જ ભરી કાઢ્યું. કૂતરો ભસતો બંધ થયો.

કૂતરો ગભરાયો. અર્જુનને શોધતો એ તો જાય નાઠો. અર્જુને એને જોયો. એનું આખું મોં બાણથી ભરાયેલું જોઈ એ અચંબો પામ્યો.

એને થયું "આ બાણાવળી જબરો. શું એનું નામ છે ? એના ગુરુને ધન્ય છે !"

અર્જુન પોતાને જબરો બાણાવળી ધારતો હતો. પણ આ જોઈને એનો ગર્વ ગળી ગયો. એને જોવાનું એને મન થયું.

કૂતરો જે બાજુથી આવ્યો હતો તે બાજુ બધાય ચાલ્યા. કૂતરો આગળ ચાલ્યો.

બધાય એકલવ્યની ઝૂંપડી પાસે આવી પહોંચ્યા.

એકલવ્ય તો દ્રોણ ગુરુને જોતાં જ દોડ્યો. ધનુષ્યબાણ તો એમને એમ રહ્યા. એણે એના ધનુષ્યબાણ ગુરુના પગ આગળ મૂક્યા, ને હેતથી ગુરુને પ્રણામ કર્યા. એ તો હર્ષઘેલો થઈ ગયો.

ગુરુ એને બરાબર ઓળખી શક્યા નહિ. એ કહે, "ભીલકુ-માર, તું કોણ છે ? કોની પાસે તું આ વિદ્યા શીખ્યો ?"

એકલવ્ય કહે, "ગુરુજી આપ જ મારા ગુરુ છો. હું જે કંઈ



શીખ્યો છું તે આપના આશીર્વાદથી જ શીખ્યો છું. આપને લીધે જ હું બધું શીખ્યો છું."

આ સાંભળીને અર્જુન ગુરુ પર ચીઢાયો. એને થયું, "ગુરુ તો કહેતા હતા કે મેં તારા વિના કોઈને ભારે વિદ્યા શીખવી નથી. તારા જેવો કોઈ બાણાવળી નથી. ને આ શું ? મારી વિદ્યા આની આગળ કાંઈ વિશાતમાં નથી.

અર્જુનના મનની વાત ગુરુ સમજી ગયા.

ગુરુ દ્રોણ તો એકલવ્યની વાત સાંભળીને વિચારમાં પડ્યા. છેવટે એમને જૂની વાત યાદ આવી. એ કહે "ભીલકુમાર, ખરો ખરો, તું મારો શિષ્ય."

એકલવ્ય બધાને પોતાની ઝુંપડીએ લઈ ગયો. મૃગચર્મ પાથરી એમને બેસાડ્યા.

એકલવ્યે ગુરૂનુ યથાવિધિ પૂજન કર્યું. ફળફળાદિ મૂક્યાં; ને પછી પ્રણામ કરી પ્રાર્થના કરવા લાગ્યો. "ગુરૂ મહારાજ, આપની કૃપાથી હું કંઈક બાણવિદ્યા શીખ્યો છું. આપનો હું ઋણી છું. આપની ઉદારતા ને માયાળુપણા માટે જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે."

દ્રોણગુરૂ પ્રસન્ન થયા, એ કહે, "કુમાર, તારો પ્રેમ જોઈને હું પ્રસન્ન થયો છું. તારી બાણવિદ્યા જોઈને મને સંતોષ થયો છે. તું મારો શિષ્ય છે. તારી ધનુર્વિદ્યા પૂરી થઈ છે."

"હવે તો માત્ર ગુરૂદક્ષિણા બાકી રહી."

એકલવ્ય કહે, “ગુરૂજી, આજ્ઞા કરો. આપ કહેશો તે આપવા આ શિષ્ય તૈયાર છે. બોલો, આપને ગુરૂદક્ષિણામાં શાની ઈચ્છા છે? આપ કહેશો તે કરવા હું તૈયાર છું. ગુરૂથી મારે શું વધારે છે ? આપનું ઋણ તો હું ફેડી શકું એમ નથી.”

દ્રોણ કહે, “તો એકલવ્ય ગુરૂદક્ષિણામાં મારે ફક્ત તારો જમણો અંગુઠો જોઈએ છીએ. અંગૂઠો જવાથી તારી શી દશા થશે તેની તને ખબર છે ? તારાથી ધનુષ્ય વાપરી શકાશે નહિ. તારી બધીય બાણવિદ્યા અફળ જશે.

એકલવ્ય કહે, “ઓહો ! ગુરૂજી એમાં આપે શું માગ્યું ? આપનાથી કાંઈ મારી વિદ્યા વધારે નથી. એ વિદ્યા તો તમારી જ છે. આપે પ્રાણ માગ્યો હોત તો યે શું ? ”

આમ કહેતાં તો એકલવ્યે બાણનું ભાલોડું પકડ્યું, હસતે મુખડે એણે જમણો અંગૂઠો કાપ્યો. નીચે નયને એણે અંગૂઠો ગુરૂને ચરણે ધર્યો.

ધન્ય એકલવ્ય ! ધન્ય એની ગુરૂદક્ષિણા ! ધન્ય એની ગુરૂભક્તિ!



## ૧૨ : લાકડાં વેચતા શિષ્યો

**મો**ટી એવી ગુફા હતી. ઈશાવળા ડુંગરમાંની એ ગુફા. એમાં એક બાવો રહે. એનું નામ ધુંધળીમલ્લ. એમને ચાર ચેલા.

બાવાજી ગુફામાં તપ કરે. ચેલાઓ ભિક્ષા માગી લાવે; ને બધા ખાય. બાવાજી બહાર ન નીકળે.

ડુંગર પાસે વલ્લભીપુર નામે એક મોટું શહેર હતું. ચેલાઓ રોજ સવારમાં ભિક્ષા માગવા એ વલ્લભીપુરમાં જાય. ઘેરે ઘેર એ ફરી વળે; પણ કોઈ ચપટી લોટેય ન આપે.

એક કુંભારણ હતી. બીચારી ભલી ને ધર્મિષ્ઠ હતી. એ એકલી ના ન પાડે  રોજ એ ચપટી લોટ આપે.

પણ એક ચપટી લોટથી કાંઈ બધાયને પૂરૂ થાય ? ચેલાઓએ વિચાર્યું, “હવે શું કરવું ?”

છેવટે એ એક નિશ્ચય ઉપર આવ્યા. વલ્લભીપુરમાં થઈને એ રોજ જંગલમાં જાય. લાકડાં કાપે. ચીરીને એના ફાચરા કરે. એની ભારીઓ બાંધે ને ગામમાં વેચી આવે. એના પૈસામાંથી એ લોટ લે. એના રોટલા કરે ને બધા ખાય.

આમ રોજ ચાલે. ગુરૂ આમાંનું કાંઈ જાણે નહિ.

આમ કરતાં એક વરસ ગયું. બે વરસ ગયાં. એમ કરતાં કરતાં બાર વરસ નીકળી ગયાં. ચેલાઓ બીચારા આખો દિવસ વૈતરૂં કરે. આમ કરતાં કરતાં લાકડાં ઉંચકી ઉંચકીને છેવટે એમને માથે તાલ પડી. ગુરૂજી તો તપ કર્યા કરે. એમને કાંઈ ખબર ન હતી.

એક દિવસ શિષ્યો બહાર બેઠા બેઠા રોટલા ઘડતા હતા. અચાનક ગુરૂજી ગુફામાંથી બહાર આવ્યા. એમની નજર ચેલાઓના માથા ઉપર પડી. એ કહે, "અલ્યા, તમારા માથાના વાળ ક્યાં ગયા. ? "

ચેલા બીચારા શરમાયા. એ રડી પડ્યા. છેવટે એ કહે, "ગુરૂમહારાજ, બાર બાર વરસથી લાકડાં કાપીએ છીએ. માથે મૂકીને વેચવા જઈએ છીએ. તેની આ તાલ પડી છે. હોય, એમાં શું ?"

ગુરૂજી અચંબો પામ્યા, એ રાતાપીળા થઈ ગયા. એમને થયું, "શું વલ્લભીપુર આવું ? જોઉં છું કાલે શું થાય છે ?"

બીજો દિવસ થયો. આગળ ગુરૂજી ને પાછળ ચેલા. વલ્લભીપુરમાં એ ભિક્ષા માગવા નીકળ્યા. એક ઘેર ગયા, બીજે ને ત્રીજે ઘેર ગયા. પણ એકેય ચપટી મળી નહિ. કોઈ કહે, "હમણાં નહિ." કોઈ કહે, "કામમાં છીએ." કોઈ કહે, "આ બાવા નવરા છે. સવાર પડી ને આ આવ્યા. બીજો કામધંધોય શો બળ્યો છે ?" તો કોઈ કહે, "આ આવ્યા ! 'અહાલેક' કરતાં. શરમેય નથી આવતી ! છે તો મારા કરતાંય બમણો !"

એ આખું ગામ રખડ્યા. પણ એકેય ચપટી મળી નહિ.

કુંભારણનું ઘર આવ્યું 'અહાલેક' કરીને એ ઉભા રહ્યા, ચપટી



લોટ લેઈને કુંભારણ બહાર આવી. મહારાજને પગે લાગીને એણે ભિક્ષા આપી.

બાવાજી કહે, "ભલી બાઈ, તારે નાસવું હોય તો નાસ. જે જોઈએ તે સાથે લઈ જજે. હમણાં હું શાપ આપું છું. જોને આ મારા ચેલાઓની દશા ! પણ નાસતાં નાસતાં પાછું વાળીને જોઈશ નહિ. જોઈશ તો પત્થર થઈ જઈશ."

કુંભારણને બીજું કોઈ ન હતું એ એનો ભત્રીજો લઈને ચાલી નીકળી.

ક્રોધમાં ને ક્રોધમાં બાવાજીએ હાથમાં પાણી લીધું. એ કહે, "પટ્ટણ સો દટ્ટણ ને માયા સો મિટ્ટી."

આમ કહી જ્યાં જળ મૂક્યું ત્યાં તો આખું શહેર દટાવા લાગ્યું. ત્યાં તો ઉથલપાથલ થઈ રહી.

પેલી કુંભારણે અચાનક પાછું વાળીને જોયું તરતજ બન્ને પત્થર બની ગયા.

ભાવનગરમાં રૂવાપરી માતા તરીકે પત્થરની આ મૂર્તિઓ અત્યારે પણ પૂજાય છે.